મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G T NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૨-૦૧-૨૦૨૫ રવિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૮૨

પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી



ગરવી તાકાત હવે આંગળીના ટેરવે

તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે

પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં

Garvi Takat app



કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367


### પાલનપુર જેવા ભાગોના ગ્રામ્ય વિસ્તારોમાં છાંટા પડ્યા : પતંગરસિયાઓમાં ઉચાટ; ખેડૂતોમાં પણ ચિંતા

# ઉત્તરાયણ ટાણે જ ઉત્તર ગુજરાતમાં હવામાન પલ્ટોઃ વરસાદી માહોલ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

રાજ્યમાં કેટલાંક દિવસોથી બે દિવસ ઠંડીના સપાટા અને ચાર દિવસ રાહતના માહોલ જેવા અસ્થિર વાતાવરણ વચ્ચે ઉત્તર ગુજરાતના કેટલાંક ભાગોમાં વરસાદી માહોલ વચ્ચે ઝાપટા વરસ્યા હતા. શિયાળુ પાકની સિઝન ટાણે હવામાન પલ્ટાથી ખેડૂતોના શ્રવાસ અધ્ધર થયા છે. ઉપરાંત ઉતરાયણના તહેવાર ટાણે વિઘ્ન સર્જાવાની અટકાળો વ્યકત થવા લાગી છે.

રાજ્યમાં છેલ્લા બે-ત્રણ દિવસથી ઠંડીમાં રાહત છે છતાં આવતીકાલથી ફરી ઠંડીનો ચમકારો રહેવાની આગાહી છે તેવા સમયે આજે ઉત્તર ગુજરાતના અમુક ભાગોમાં વાદળો છવાયા હતા અને વરસાદી માહોલ ઉભો થવા સાથે છાંટા વરસ્યા હતા.બનાસકાંઠા જીલ્લાના કેટલાંક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાયો હતો. પાલનપુરના જગાણા, ભાગળ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં હળવા ઝાપટા-છાંટા વરસ્યા હતા. કામો સમી વરસાદથી ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. તુવેર સહિતના શિયાળુ પાકની નિકળતી સીઝનમાં વધુ વરસાદ નુકશાન કરી શકે છે.બનાસકાંઠા પંથકમાં વરસાદી માહોલ છતાં હવામાન વિભાગે કમોસમી વરસાદની કોઈ આગાહી કરી નથી અને આવતા સાત દિવસ સુધી હવામાન શુષ્ક રહેવાની શક્યતા દર્શાવી છે. અમુક હવામાન નિષ્ણાંતોએ માવઠાની સંભાવના દર્શાવી હોવાથી મકરસંક્રાંતિ ટાણે પતંગ રસિયાઓના જીવ ઉચ્ચક થયા છે.

### મકરસંક્રાંતે ૧૦ થી ૧૨ કિ.મી.ની ઝડપે પવન ફુંકાશે

મકર સંક્રાંત તા.૧૪ને મંગળવારનાં રોજ રાજકોટના પતંગ રસિયાઓને પતંગ ચગાવવા માટે વધુ મહેનત કરવી પડશે નહીં કારણ કે, સવારે ૧૦ થી બપોરે ૪ વાગ્યા સુધી મધ્યમ પવન ફુંકાશે.સ્થાનિક હવામાન વિભાગનાં સૂત્રોનાં જણાવ્યા મુજબ તા.૧૪ના રોજ સવારે ૧૦થી બપોરના ૪ વાગ્યા દરમ્યાન ૧૦ થી ૧૨ કિ.મી.ની ઝડપે પવન ફુંકાશે અને બપોરે ચાર વાગ્યા બાદ ફરી પવન મંદ પડી જશે.આ ઉપરાંત મંગળવારે સવારે ઠંડી અને બપોરે તાપનો અનુભવ થશે. હવામાન વિભાગનાં સૂત્રો અનુસાર સવારે લઘુતમ તાપમાન ૧૦ થી ૧૨ ડિગ્રી વચ્ચે નોંધાશે.જ્યારે બપોરે મહત્તમ તાપમાન ૨૭ થી ૩૦ ડીગ્રી વચ્ચે નોંધાય તેવી શક્યતા છે.

વધુમાં હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ હજુ ત્રણ દિવસ એટલે કે, શનિ-રવિ અને સોમવારનાં રોજ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ઠંડીમાં રાહત રહેશે. અને સવારનાં ભાગે લઘુત્તમ તાપમાન ૧૨ થી ૧૬ ડીગ્રી વચ્ચે નોંધાશે તેમજ તા.૧૪ અને ૧૫મીએ સવારનાં ભાગે ઠંડી અને બપોરે તાપનો અનુભવ રહેશે.જો કે તા.૧૬ થી ફરી રાજ્યમાં તીવ્ર ઠંડીનો નવો રાઉન્ડ શરુ થશે અને ઠેર-ઠેર ૧૦ થી ૧૨ ડીગ્રી વચ્ચે તાપમાન નોંધાશે. ખાસ કરીને નલિયા, જુનાગઢ, અમરેલી, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ઠંડીનું જોર વધુ રહેશે અને ક્યારેક સિંગલ ડિઝીટ તાપમાન પણ થઇ જશે. ખાસ કરીને કચ્છ જિલ્લામાં ઠંડીની તિવ્રતા વધુ રહેવા પામશે તેવો હવામાન વિભાગનો નિર્દેશ છે.




### બાઈક રેલીને મહેસાણા ધારાસભ્ય મુકેશભાઈ પટેલે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

# "Run for birds" થીમ હેઠળ મહેસાણા શહેરી વિસ્તારમાં જન જાગૃતિ સારુ 'મિનિ મેરેથોન' યોજાઈ

### કરુણા અભિયાન અંતર્ગત મહેસાણા વન વિભાગ દ્વારા કંટ્રોલરૂમ કાર્યરત કરાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

કરુણા અભિયાન ૨૦૨૫ અંતર્ગત સામાજિક વનીકરણ વિભાગ મહેસાણા દ્વારા મહેસાણા શહેરી વિસ્તારમાં જનજાગૃતિ માટે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાઈક રેલીને મહેસાણા ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ ઉપરાંત કરૂણા અભિયાન – ૨૦૨૫ અંતર્ગત સામાજીક વનીકરણ વિભાગ, મહેસાણા દ્વારા "Run for birds" થીમ હેઠળ મહેસાણા શહેરી વિસ્તારમાં જન જાગૃતિ સારુ "મિનિ મેરેથોન" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા જિલ્લાના તમામ ક્ષેત્રીય વન કર્મીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે ઉતરાયણના પર્વ દરમિયાન કરુણા અભિયાન અંતર્ગત મહેસાણા વન વિભાગ દ્વારા કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. જો કોઈ ઘવાયેલું પક્ષી જોવા મળે તો સારવાર માટે પશુ દવાખાને લઈ જવા અથવા રેન્જ ફોરેસ્ટ ઓફિસ મહેસાણાના હેલ્પલાઈન નંબર ૧૯૨૬, ૦૨૭૬૨ ૨૨૧૧૦૩, ૮૩૨૦૦ ૦૨૦૦૦ પર જાણ કરવા વન વિભાગ દ્વારા અનુરોધ કરાયો છે.

### શહેરથી ૧૦ કિમી દુર આવેલા ૩૫ વિઘા જમીનમાં આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવશે

# કડીના વામમાં 300 કરોડના ખર્ચે નિર્માણ પામનાર ભાગ્યોદય મેડિકલ કોલેજનું મુખ્યમંત્રીના હસ્તે ભૂમિપૂજન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

કડી તાલુકાના વામજ ગામમાં રવિવાર સવારે ૯ વાગ્યે ૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ભાગ્યોદય મેડિકલ કોલેજનું ભૂમિપૂજન થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે યોજાનાર આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.



કડી શહેરથી માત્ર ૧૦ કિલોમીટર દૂર આવેલા વામજમાં ૩૫ વીઘા જમીનમાં આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવશે. આધુનિક મેડિકલ કોલેજ ઉપરાંત આ જ પરિસરમાં કેન્સર હોસ્પિટલનું પણ નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ ભાગ્યોદય મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ દ્વારા વિકસાવવામાં આવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે ૧૯૮૫માં સ્થપાયેલી ભાગ્યોદય હોસ્પિટલ આજે ૨૦૦થી વધુ બેડની સુવિધા ધરાવતી મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ તરીકે વિકસી છે. નવી મેડિકલ કોલેજના ભૂમિપૂજન કાર્યક્રમ માટે સ્થળ પર તડામાર તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ પ્રસંગે વિવિધ દાતાઓ અને કડી શહેર તેમજ આસપાસના ગામોના આગેવાનો પણ ઉપસ્થિત રહેશે.

### મહિલાના અગાઉ બે વાર લગ્ન થઈ ચૂકયા હતા

# મહેસાણામાં ધરમના ભાઈએ રૂપિયા ૧.૨૦ લાખમાં યુવક સાથે બહેનને પરણાવી દીધી



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

મહેસાણા પંથકમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં એક મહિલાને તેના કથિત ધરમના ભાઈએ ૧.૨૦ લાખ રૂપિયામાં એક યુવક સાથે પરણાવી દીધી. આ મહિલાના અગાઉ બે વાર લગ્ન થઈ ચૂક્યા હતા, જે વિગત છુપાવવામાં આવી હતી. લગ્નના માત્ર ૧૦ દિવસની અંદર જ મહિલાએ ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર ફોન કરી પતિ દ્વારા થતા ત્રાસની ફરિયાદ નોંધાવી હતી.

મહિલા હેલ્પલાઈનની ટીમે તાત્કાલિક પગલાં લેતા બંને પક્ષોનું કાઉન્સેલિંગ હાથ ધર્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન જાણવા મળ્યું કે મહિલાના અગાઉના લગ્ન વિશેની માહિતી છુપાવીને તેના કથિત ધરમના ભાઈએ પૈસા લઈને આ લગ્ન કરાવ્યા હતા. મહિલાએ સાસરીમાં રહેવાની ના પાડી દીધી હતી, જ્યારે પતિ પક્ષે પૈસા ખર્ચીને લાવ્યા હોવાનું કારણ આગળ ધર્યું હતું.

કાઉન્સેલર્સે સમજાવ્યું કે મહિલાની મરજી વિરુદ્ધ તેને રાખી શકાય નહીં અને તેના પર કોઈપણ પ્રકારનું દબાણ ગુનો બને છે. અંતે મહિલાની ઈચ્છા મુજબ તેને આશ્રય ગૃહમાં મોકલવામાં આવી છે. બંને પક્ષોને તેમની સામાજિક સમસ્યાના સમાધાન માટે આશ્રય ગૃહમાં વધુ કાઉન્સેલિંગનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

### મહેસાણા જિલ્લા જેલમાં કેદીઓના માનસિક સ્વાસ્થ્ય માટે નવતર પહેલ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

મહેસાણા જિલ્લા જેલમાં કેદીઓના માનસિક સ્વાસ્થ્ય માટે એક નવતર પહેલ કરવામાં આવી છે. ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ઓમ શાંતિ ઓશો લાઈબ્રેરી દ્વારા વિશેષ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૫૦ વિચારાધીન કેદીઓએ ભાગ લીધો હતો.શિબિરના સંચાલક સ્વામી ઓમ શાંતિજીએ કેદીઓને તણાવમુક્ત જીવન જીવવાની કળા શીખવાડી હતી. તેમણે લાફ્ટર મેડિટેશન અને નો-માઈન્ડ મેડિટેશન જેવી પદ્ધતિઓ શીખવાડી, સાથે ઓશોના પ્રેરક પ્રવચનો પણ સંભળાવ્યા. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ કેદીઓને માનસિક રીતે સ્વસ્થ રાખવાનો અને તેમને સકારાત્મક જીવનશૈલી તરફ વાળવાનો હતો.

કાર્યક્રમમાં જેલ અધિક્ષક એચ.એલ. વાઘેલા, સુબેદાર જશપાલસિંહ એફ. રાજપૂત, હવાલદાર વિષ્ણુ આર. દેસાઈ, હવાલદાર લલિત ચૌધરી, સુબેદાર સોનાજી વી. ઠાકોર અને સિપાહી દિનેશ રબારી ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્યસભાના સાંસદ મયંકભાઈ નાયકના સેવાલય ખાતે અનોખી સેવાકીય પ્રવુતિ

# મહેસાણા જિલ્લાની ટીબી ગ્રસ્ત બહેનોને ઈલાજ માટે જરૂરી વિટામિન અને અનાજ ન્યુટ્રીશાન કીટનું વિતરણ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

રાજયસભાના સાંસદ મયંકભાઈ નાયક દ્વારા સેવાકીય પ્રવૃતિઓ હર હમેશ ચાલુ રહે છે. પ્રતિબંધિત ચાઈનીઝ દોરીથી ટુ વ્હીલ ચાલકોને બચાવવા દશ દિવસમાં ૨૦ હજારથી વધુ સેફટી ગાર્ડ લગાવવામાં આવ્યા હતા. આવી અનોખી સેવાકીય પ્રવૃતિના કારણે મયંકભાઈ નાયક લોકોના હૃદયમાં વસી ગયા છે અને સેવાલય સાચા અર્થમાં સેવાલય સાબિત થઈ રહ્યું છે.

દરમિયાન મહેસાણા જિલ્લામા ટીબીગ્રસ્ત મહિલાઓની મદદ રાજયસભાના સાંસદ મયંકભાઈ નાયક દ્વારા અનોખી સેવાકીય પ્રવૃતિ કરી રહયા છે. મહેસાણા જિલ્લામાં ટીબીગ્રસ્ત બહેનોને ઈલાજ માટે જરૂરી વિટામીન અનો અનાજ ન્યુટ્રીશીનયી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય જનતા પાર્ટીની મહિલા મોરચાની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. આવી ટીબી ગ્રસ્ત મહિલાઓને સતત ૬ મહિના સુધી સાંસદ દ્વારા કીટ આપવામાં આવશે.

અગાઉ પણ મયંકભાઈ નાયક દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી હતી જેમાં ખાંડ ખાપણ વાળને કૃત્રિમ હાથ અને પગ પણ નાંખવામાં આવ્યા હતા. જેનો લાભ મોટી સંખ્યામાં નાગરીકોએ લીધો હતો.

દરમિયાન મયકંભાઈ નાયક



દ્વારા ભારતીય જનતા પાર્ટીના સિદ્ધાંત સાથે ચાલતાં અને નાનામાં નાના કાર્યકરની પણ સતત ચિંતા કરતા આવ્યા છે. દરેક નાના મોટા તહેવારોમાં ભાજપના કાર્યકરોને યાદ કરવામાં આવે છે અને તેમની સમસ્યાઓનું સકારાત્મક રીતે હલ કરવામાં આવે છે.

ઉત્તરાયણ પર્વને લઈને પણ ભાજપના કાર્યકરોને સાંસદ મયંકભાઈ નાયક દ્વારા યાદ કરીને ૬૦૦ બુથ પ્રમખુને ૨૦ પતંગ આપવામાં આવ્યા હતા. કાર્યકર નહિ પણ પરિવારના સિદ્ધાંતને અનુસરતા મયકંભાઈ નાયક પ્રત્યેક તહેવારોમાં કાર્યકરોને યાદ કરે છે.

આ પ્રસંગે ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ ગીરીશભાઈ રાજગોર સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.


પ્રાઈમ પ્રોપર્ટી ભાડે આપવાની છે

બેંક, વિમા કંપની કે ઓફિસ માટે ફુલ્લી ફર્નિચર સાથેની ૩૫૦ સ્કે.ફુટની ઓફિસ ભાડે આપવાની છે.

: સંપર્ક :

દુ.નં. ૧૧૭, પ્રથમ માળ, મેપલ ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, મોતીપુરા, અમદાવાદ નેશનલ હાઈવે રોડ, હિંમતનગર, સાબરકાંઠા. ગુજરાત.

મો : ૯૪૨૮૧ ૫૧૫૬૦, ૯૪૨૭૫ ૪૫૬૪૦

KRISHNA AUTO COATING

The Car Detailing Studio




પ્રમુખ ટાયરની પાછળ, એલ. કાનજી દેસાઈ બિઝનેસ હાઉસ, વિદ્યાનગર, નાગલપુર- મહેસાણા-૩૮૪૦૦૨.● મો : ૯૩૨૭૩૬૬૭૮૦




# આતંકીઓની સંપત્તિ જપ્ત કરવાની છે, તેની યાદી તૈયાર

જમ્મુ-કાશ્મીરમાં ચાર હજારથી વધારે આતંકવાદીઓની સંપત્તિ જપ્ત કરવાનો નિર્ણય આતંકી તંત્રને નષ્ટ કરવાની દિશામાં એક મોટી અને પ્રભાવી કાર્યવાહી છે. જે આતંકીઓની સંપત્તિ જપ્ત કરવાની છે, તેની યાદી તૈયાર થઈ ગઈ છે. તેમાંથી મોટાભાગના એ આતંકીઓ છે, જે સીમા પાર એટલે કે પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં સંચાલિત આતંકી શિબિરોમાં રહે છે. કાશ્મીરમાં વધ્યા-ઘટ્યા આતંકી નેટવર્કને ધ્વસ્ત કરવા માટે આ પ્રકારની કાર્યવાહી જરૂરી છે. આ જ પ્રકારની કાર્યવાહી એ તત્ત્વો વિરુદ્ધ પણ કરવી જોઈએ, જે પરોક્ષ કે પ્રત્યક્ષ રૂપે આતંકીઓની તરફદારી કરે છે કે પછી તેમને ગુપચુપ રૂપે સમર્થન અથવા સંરક્ષણ આપે છે. તેની અવગણના ન કરી શકાય કે કાશ્મીર ઘાટીમાં આતંકીઓના સમર્થક હજુ પણ મોજૂદ છે. તેમાંથી કેટલાક તો સરકારી વિભાગોમાં પણ કાર્યરત હતા. એ સારું થયું કે તેમની ઓળખ કરીને તેમના વિરુદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવી, કારણ કે તેઓ આતંકીઓ માટે જાસૂસી કરતા હતા. ધ્યાન રહે કે કેટલાય કાશ્મીરી હિંદુઓ આતંકવાદીઓનો નિશાનો એટલા માટે બન્યા, કારણ કે તેમના વિશે આવા લોકોએ જ બાતમી આપી હતી. આ જ રીતે આતંકીઓને આર્થિક સહાયતા આપનારા લોકો પર પણ સકંજો કસવામાં આવ્યો છે. તેમાં કેટલાય મોટા વેપારીઓ પણ હતા.

એક એવા સમયે જ્યારે કાશ્મીરનું વાતાવરણ ઝડપથી બદલાઈ રહ્યું છે અને અહીં શાંતિ અને સ્થિરતા સ્થાપિત થઈ રહી છે, તો પછી એ જરૂરી છે કે આતંકીઓ સાથે સહાનુભૂતિ રાખવા કે પછી છૂપી રીતે તેમની મદદ કરનારાઓ વિરુદ્ધ દાખલો બેસે તેવી કઠોર કાર્યવાહી કરવામાં આવે. આ એટલે જરૂરી છે, કારણ કે કાશ્મીરમાં આતંકીઓની સક્રિયતા પાછળ એવાં જ તત્ત્વો છે. આ સક્રિયતાનું એક પ્રમાણ હાલમાં જ બે દિવસ પર મળ્યું, જ્યારે શ્રીનગર-બારામુલા રાષ્ટ્રીય રાજમાર્ગ પર એક બારુદી સુરંગને નિષ્ક્રિય કરવામાં આવી. કાશ્મીરમાં કેટલાક એવાં પણ તત્ત્વો છે જે યુવાનોને આતંકના રસ્તે જવા માટે ઉશ્કેરે છે અથવા અલગતાવાદને હવા આપે છે. થોડા દિવસ પહેલાં જ બારામુલામાં સુરક્ષા દળોએ લશ્કરના એક આતંકી ભરતી મોડ્યૂલનો પર્દાફાશ કરીને ચાર લોકોની ધરપકડ કરી. તેમાં એક મહિલા પણ હતી. તેઓ પાકિસ્તાન આધારિત આતંકી સંગઠન લશ્કર માટે કામ કરી રહ્યા હતા. પાકિસ્તાન ભલે ભીખ માગતું હોય, પરંતુ તે કાશ્મીરમાં આતંકને હવા આપવાનું બંધ નથી કરતું. તે આતંકીઓની ઘૂસણખોરી કરાવવાની કોશિશ કરતું રહે છે, સાથે જ કાશ્મીરમાં સક્રિય આતંકીઓ માટે ડ્રોન દ્વારા હથિયાર પણ મોકલે છે. પાકિસ્તાન આતંકને ઉત્તેજન આપવાને કારણે એકલું પડી ગયું છે, પરંતુ તેમ છતાં તે પોતાનાં કરતૂતો છોડતું નથી. તેની આ હરકતોથી તેની સાથે હમદર્દી રાખનારા ઈસ્લામી દેશો પણ કંટાળી ગયા છે. આ જ કારણે ભારતની રાજકીય યાત્રા પર આવેલા સઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહંમદ બિન સલમાને પાકિસ્તાન તરફ સંકેત કરતાં કહ્યું કે તેણે આતંકનો રસ્તો છોડવો જ પડશે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# ‘સ્પેશ્યલ ૨૬’ જેવી ઘટના : દાહોદમાં નકલી આવકવેરા અધિકારીઓનો દરોડો

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૧

નવા વર્ષે નકલી અધિકારીઓની શરૂઆત થઈ ચૂકી હોય તેમ દાહોદમાંથી નકલી આવકવેરા અધિકારી પકડાયા હતા. વેપારીની દુકાને ૬ લોકો આયકર ઓફિસર બનીને આવ્યા હતા. પોલ ખુલતા ૨ આરોપીઓ ઝડપાયા હતા. બાકીનાને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે.

દાહોદના સુખપર ગામે નકલી ઈક્રમટેક્સ અધિકારીઓ પકડાયા હતા. ગામમાં એક વેપારીની દુકાને ૬ નકલી ઈક્રમટેક્સ અધિકારીઓએ રેડ કરી હતી. મળતી માહિતી મુજબ અલ્પેશ પ્રજાપતિની દુકાને ૬ નકલી ઈક્રમટેક્સ અધિકારીઓએ રેડ કરી હતી. જેમાં તેઓએ વેપારીના ચોપડા ચેક કરી દાગીના અને ચોપડા જમા કરી કેસ કરવાની ધમકી આપી હતી.



નકલી અધિકારીઓએ કેસ ન કરવા માટે રૂપિયા ૨૫ લાખની માંગણી કરી હતી જેમાં આશરે રૂપિયા ૨ લાખ રોકડા લીધા હતા. ત્યારે નકલી અધિકારીઓએ નાણા અન્ય જગ્યાએ આપવાની વાત કરતા ભાંડો ફુટયો હતો.

જેમાં પોલીસે ભાવેશ આચાર્ય અને અબ્દુલ સુલેમાનને ઝડપી પાડયા હતા. જોકે અન્ય ૪ શખ્સો ફરાર થયા હતા ત્યારે આ ઘટનાને લઈ સુખસર પોલીસે ૬ શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આવકવેરા દરોડામાં પકડાતી રોકડ રકમને ‘કૃષિઆવક’ દર્શાવીને છોડાવવાનું કારસ્તાન!

# અમદાવાદમાં ડઝન સ્થળોએ ઈક્રમટેક્સ દરોડામાં દેશવ્યાપી કૌભાંડ ખુલવાની શક્યતા

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૧

અમદાવાદમાં આવકવેરા વિભાગ દ્વારા ચાલુ કેલેન્ડર વર્ષનું પ્રથમ દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે અને તે નવતર પ્રકારનું છે.છુપી આવક કે કરચોરી પકડવાનાં બદલે આવકવેરા વિભાગે જુદા જુદા દરોડામાં જપ્ત કરેલી રકમ છોડાવવાનાં કારસ્તાન અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી છે.

આવકવેરા વિભાગ દ્વારા અમદાવાદમાં સોલા, સાયન્સ સીટી, રતનપોળ, નવરંગપરા, સીજી રોડ જેવા અર્ધોડઝન જેટલા સ્થળોએ એકાદ ડઝન વ્યવસાયિકોની ઓફીસ સહીતનાં ઠેકાણાઓ પર ગઈકાલે




બપોરથી તપાસ કાર્યવાહી હાથ ધરી હતી.

કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલા કમલેશ શાહ ઉપરાંત મીના શાહ, દેવાંગ વ્યાસ, ગૌરાંગ પંચાલ, રમેશ ઠકકર, એનઆરએન્ડ કંપની એનડી ગોલ્ડ જેવા વ્યાવસાયિક પેઢીઓને નિશાન બનાવવામાં આવી હતી.

અમદાવાદ ઉપરાંત રાજકોટ સહીતના શહેરોનાં અધિકારીઓની ટીમોને તપાસમાં સામેલ કરવામાં આવી છે. સુત્રોના કહેવા પ્રમાણે આવકવેરા દરોડામાં જપ્તી થતી રકમ કૃષિ આવક દર્શાવીને છોડાવી જવાની મોડસ ઓપરેન્ડી અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી હતી.

જપ્ત રકમ પોતાની હોવાની અને કૃષિ આવક પેટેની હોવાનું દર્શાવીને તે છોડાવવાનું કારસ્તાન થતુ હતું એક કેસમાં અમદાવાદનાં અધિકારીને શંકા જતા તપાસ વ્યાપક બનાવવામાં આવી હતી અને તેમાં સમગ્ર કારસ્તાનનો ભાંડો ફૂટતા આ કાર્યવાહી કરવામાં આવી છે. આ પ્રકારનું કારસ્તાન રાષ્ટ્રવ્યાપી હોવાની શંકા વ્યકિત થઈ રહી છે.

# પ્લાસ્ટિક વેસ્ટ નિકાલના નિયમોના પાલન બાબતે તમામ મહાનગરપાલિકાની તપાસ કરી અહેવાલ રજૂ કરવા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને હાઇકોર્ટનો આદેશ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજયના તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ, મટીરીયલ રિકવરી ફેસીલિટી, પ્લાસ્ટિક વેસ્ટના રુલ્સ અને નોર્મ્સનું પાલન થાય છે કે નહી તે તમામ મુદ્દે વિગતવાર ડેટા સાથેનો રિપોર્ટ રજૂ કરવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને હુકમ કર્યો છે. હાઈકોર્ટે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અને નોર્મ્સનું પાલન ના કરતા હોય તેવા કિસ્સામાં શિક્ષાત્મક કાર્યવાહી કરવા પણ જીપીસીબીને નિર્દેશ કર્યો છે.

આજે રાજયભરમાં પ્લાસ્ટિક વેસ્ટના રુલ્સના ચુસ્તપણે પાલનને લઈ આકરું વલણ અપનાવ્યું હતું. જીપીસીબી તરફથી રાજયના આઠ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલને કરાયેલા ઈન્સ્પેકશન અને મેળવાયેલા ડેટા સાથેનો રિપોર્ટ આજે હાઈકોર્ટમાં રજૂ કરાયો હતો.

જેમાં ગાંધીનગર અને ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના



કિસ્સામાં ગંભીર ચૂક સામે આવી હોવાનું જણાવાયું હતું. ભાવનગર કોર્પોરેશનમાં પ્લાસ્ટિક વેસ્ટ સેગરેશનની કોઈ વ્યવસ્થા કે મશીનરી જ નહી હોવાનું સામે આવ્યું હતું.

તો, ગાંધીનગરમાં ત્રણ પૈકીની બે સાઈટમાં વેસ્ટ રિકવરી ફેસીલિટી અને ડમ્પીંગ સાઈટ ઓપરેશનલ નહી હોવાનું સામે આવતાં હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી હતી અને આવા કસૂરવારો વિરુદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા જીપીસીબીને જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ગિરનાર અને બેટ દ્વારકા પ્લાસ્ટિક અને ગંદકી મુકત કરી સ્વચ્છ બનાવવા મુદ્દે એડવોકેટ દ્વારા કરાયેલી જાહેરહિતની રિટ અરજીની સુનાવણી થઈ હતી તેમાં ઉપરોક્ત આદેશ કરાયો હતો. હવે આ કેસની સુનાવણી આગામી ૩૧ જાન્યુઆરી નાં રોજ રાખવામાં આવી હતી.

દરમ્યાન ઓખા નગરપાલિકા દ્વારા હજુ સુધી કન્સ્ટ્રકશન ઓફ મટીરીયલ રિકવરી ફેસીલિટી પરિપૂર્ણ નહી કરાતાં તેમ જ સ્થાનિક પ્લાસ્ટિક વેસ્ટ સહિતનો જોખમી કચરો ખુલ્લામાં એક જગ્યાએ એકત્ર કરાઈ રહ્યો હોવાની વાત ધ્યાન પર આવતાં ચીફ જસ્ટિસે આખો નગરપાલિકા સત્તાધીશોની ભારે આલોચના કરી હતી.

હાઈકોર્ટ સમક્ષ રજૂ કરાયેલા કેટલાક ફોટોગ્રાફસને ધ્યાને લઈ હાઈકોર્ટે જણાવ્યું હતું કે, ફોટોગ્રાફસ પરથી સ્પષ્ટ થાય છે કે, બેટ દ્વારકા વિસ્તારમાં પ્લાસ્ટિક વેસ્ટ ખુલ્લામાં અને તે પણ દરિયાઈ જળ નજીક એકત્ર કરાઈ રહ્યો છે, જેના કારણે બેટ દ્વારકાના દરિયાઈ પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે. આ બાબતને લઈ ઓખા નગરપાલિકા સત્તાવાળાઓની ગંભીર નિષ્કાળજી સામે આવી છે અને એ વાત સ્પષ્ટ થાય છે કે, પ્લાસ્ટિક વેસ્ટ રુલ્સના ચુસ્ત પાલનને લઈ અગાઉ હાઈકોર્ટે જે હુકમ કર્યા છે તેનો સરેઆમ ભંગ થયો છે.

હાઈકોર્ટે પ્લાસ્ટિક વેસ્ટ રુલ્સના પાલન માટે અને કન્સ્ટ્રકશન ઓફ મટીરીયલ ફેસીલિટી પૂર્ણ કરવા બાબતે ઓખા ન.પા દ્વારા રોકવામાં આવેલ કોન્ટ્રાકટર નિષ્ઠાપૂર્વક કામ કરે છે કે નહી તે સહિતના મુદ્દે ખુલાસા સાથેનું વ્યકિતગત રીતે સોગંદનામું રજૂ કરવા ઓખા નગરપાલિકાના ચીફ ઓફિસરને હુકમ કર્યો હતો. કેસની વધુ સુનાવણી તા.૩૧મી જાન્યુઆરીએ મુકરર કરાઈ છે.

## ઉત્તરાયણ પૂર્વે જ પતંગ રસિયાઓને ઉપાધિ : કોટન દોરીની છુટ્ટ માગતી વેપારીઓની અરજી પણ હાઈકોર્ટે ફગાવી

# ચાઈનીઝ ઉપરાંત કાચ પાયેલી દોરી પર પ્રતિબંધનો કડક અમલ કરવા વડી અદાલતની સૂચનાઓ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે એક મહત્વના હુકમના માધ્યમથી ચાઈનીઝ ઉપરાંત નાયલોન, કાચ પાયેલ કોટન થ્રેડ દોરી પણ પ્રતિબંધિત કરી દીધી છે. કોટન દોરી જો કાચ પાયેલી હોય તો પણ તે અબોલ પક્ષીઓ અને માનવજીવન માટે ઘાતક બની શકે છે.

તેથી આવી દોરી બનાવવા પર પ્રતિબંધ છે તેમ ઠરાવીને હાઈકોર્ટ ઉપરોક્ત આદેશ કર્યો હતો. બીજી બાજુ દોરીના વેપારીઓ દ્વારા કરવામાં આવેલી અરજી પણ હાઈકોર્ટે ફગાવી દીધી હતી. હાઈકોર્ટના આજના હુકમને પગલે હવે કોટન દોરી પણ ગ્લાસકોટેડ કે જોખમી(હાનિકારક)તત્વોથી પાયેલી હોય તેવી તમામ દોરીઓ પ્રતિબંધિત રહેશે તેવી જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.

કેસની ગુજરાતભરમાં ચાઈનીઝ દોરી, ગ્લાસકોટેડ નાયલોન દોરી તેમજ ચાઈનીઝ ટુક્કલ પર નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ, હાઈકોર્ટ અને પોલીસ ઓથોરીટી દ્વારા કાયદેસર રીતે પ્રતિબંધ ફરમાવાયેલો હોવાછતાં તેના ગેરકાયદે ઉત્પાદન, વેચાણ અને ઉપયોગને લઈ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી જાહેરહિતની રિટ અરજીમાં સુનાવણી દરમિયાન



ખંડપીઠે સ્પષ્ટ કર્યું હતું કે ગુજરાત હાઈકોર્ટના જ અગાઉ આપવાના આવેલા નહુકમ, એનજીટીના આદેશ અને રાજયના ગૃહ વિભાગના તા.૨૪-૧૨-૨૦૨૪ના પરિપત્રના આધારે હાઈકોર્ટે આજે સ્પષ્ટ કર્યું હતું કે, કોટન દોરી જો કાચ પાયેલી હોય તો પણ તે અબોલ પક્ષીઓ અને માનવજીવન માટે ઘાતક બની શકે છે તેથી આવી દોરી બનાવવા પર પ્રતિબંધ છે.

બીજીબાજુ, દોરીઓના વેપારીઓ પણ હાઈકોર્ટમાં આજે આવ્યા હતા અને તેમના વકીલે હાઈકોર્ટ સમક્ષ રાહત માંગી હતી કે, તેમની દોરી કોટન દોરી હોઈ તેને મુકિત આપવી જોઈએ, નહી તો, ઉતરાયણના તહેવારની મજા બગડી જશે. જો કે, વેપારીઓની અરજીનો વિરોધ કરતાં અરજદારપક્ષ તરફથી જણાવ્યું હતું કે, વેપારીઓની માંગણી કોઈપણ રીતે ગ્રાહ્ય રાખી શકાય નહી કારણ કે, વર્ષ ૨૦૧૭થી ગુજરાત હાઈકોર્ટનો આ અંગેનો ચુકાદો છે.

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલનો પણ સ્પષ્ટ આદેશ છે અને આ સિવાય રાજયના ગૃહ વિભાગ તેમ જ પોલીસ ઓથોરીટીના પરિપત્રો અને જાહેરનામા પણ છે અને તેમાં ચાઈનીઝ, નાયલોન, ગ્લાસ કોટેડ, કાચ પાયેલ કોટન થ્રેડ દોરી પર સ્પષ્ટ રીતે પ્રતિબંધ ફરમાવેલો છે. એવી દોરી કે જે કાચ પાયેલ હોય કે અન્ય કોઈપણ જોખમી કે હાનિકારક તત્વોથી પાયેલી હોય તો તેવી તમામ દોરીએ પ્રતિબંધિત જ ઠરે છે.



દરમ્યાન રાજય સરકાર તરફથી મુખ્ય સરકારી વકીલ ગુરશરણસિંહ વિર્કએ અમદાવાદ સહિત ચારેય મહાનગરોમાં થયેલી કાર્યવાહીનો એકશન ટેકન રિપોર્ટ અને આંકડાકીય માહિતી રજૂ કર્યા હતા.

જો કે, હાઈકોર્ટે હજુ વધુ અસરકાર પગલાં લેવા ખાસ કરીને ઘાતક દોરીઓના ઉત્પાદનકર્તાઓ અને હોલસેલર્સ વિરુધ્ધ આકરા પગલાં લેવા સ્પષ્ટ તાકીદ કરી હતી. કેસની વધુ સુનાવણી સોમવારે રાખી છે.

# ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ.લ.ઈ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ નોકરી-ધંધામાં સારી પ્રગતિ જણાય. કુટુંબ પરિવારમાં સુમેળ જણાય. જમીન-મકાનના પ્રશ્નોમાં ગૂંચવણ ઊભી થાય. લાભ-હાનિને ધ્યાનમાં રાખી કામ કરવું.

**વૃષભ (બ.વ.ઉ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ સાથી કર્મચારીથી સાધારણ પરેશાની રહેશે. સંપત્તિને લગતા પ્રશ્નોનો સારો ઉકેલ આવશે. સ્વાસ્થ્ય બાબતે સાવધાની રાખવી. કામકાજમાં ફાયદો થશે અને મન પ્રસન્ન રહેશે.

**મિથુન (ક.છ.ઘ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ઈમાનદારીની કસોટી થાય વિજય આપનો થાય. મિત્રોની મદદથી કાર્ય સરળ બનાવી શકશો. જીવનસાથી અને સંતાનોનો ભરપૂર સહયોગ મળશે. મહેનતના પ્રમાણમાં ઓછું ફળ મળશે.

**કર્ક (ડ.હ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ કામકાજમાં સાથી મિત્રોનો સહયોગ મળશે. નોકરી-ધંધા માટે નવી તકો મળશે. કરેલા કાર્યોમાં યશ અને સફળતા મળશે. સંપત્તિને લગતા કાર્યોમાં સહયોગ મળશે.

**સિંહ (મ.ટ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ માન-સન્માન અને આબરૂમાં વધારો થાય. કોર્ટ કેસ કે મગજમારીથી દૂર રહેવું. નોકરી-ધંધામાં પ્રગતિના યોગો જણાય. કોઈપણ નિર્ણય સમજી-વિચારીને કરવો.

**કન્યા (પ.ઠ.ણ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ નાના-મોટા રોકાણ માટે સમય ઉત્તમ નથી. મિત્રોના સહયોગથી રોકાયેલા કામમાં પ્રગતિ થશે. નોકરીમાં મહેનતના પ્રમાણમાં ઓછું ફળ મળશે. ગુસ્સા ઉપર કાબૂ રાખશો તો જ કામ સુધરશે.

**તુલા (ર.ત.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ નોકરી-ધંધામાં ઉજ્જવળ તકો મળશે. કોઈપણ પ્રકારની ઉધારીથી સાચવવું. લેવડ-દેવડમાં કાળજીથી કામ લેવું. કરેલી મહેનત સારું ફળ આપશે.

**વૃશ્ચિક (ન.ય.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ઘરમાં નવી વસ્તુઓ માટે ખર્ચ કરવો પડે. નોકરીમાં બઢતી અને મનપસંદ સ્થાન પ્રાપ્તિ મળે. કાયદાકીય રીતે સાવચેતી રાખવી. પરિવાર સાથેના સંબંધોમાં સુધારો જણાય.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ વ્યવસાયમાં આવકના નવા રસ્તાઓ મળે. અંગત સમસ્યાઓમાં તકલીફો જણાય. સંપત્તિને લગતા પ્રશ્નોમાં સારું સમાધાન મળે. નોકરીયાતને કામનો બોજો વધે.

**મકર (ખ.જ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ ભાગીદારીમાં વૈચારિક મતભેદો સર્જાય. પ્રેમ પ્રસંગોમાં નિષ્ફળતાના પ્રસંગો ઉભા થાય. અભ્યાસ કે નોકરી અર્થે વિદેશ પ્રવાસનું આયોજન થાય. લોન કે કરજ લેવું પડે તો સાવધાની રાખવી.

**કુંભ (ગ.શ.સ.ષ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ પિતા-પિતરાઈ સાથેના સંબંધોમાં સુધારો જોવા મળે. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી. નવા કામકાજમાં ભાગીદારીથી લાભ થાય. સંતાન બાબતની ચિંતામાં વધારો થાય.

**મીન (દ.ચ.ઝ.થ.)** આ રાશિનાં જાતકો માટે આજનો દિવસ આર્થિક સ્થિતિમાં સુધારો અને રાહત અનુભવાય. વારસાઈ મિલકતોનો ઉકેલ આવે. નાના-મોટા પ્રવાસના આયોજનો થાય. સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય અને કામ સુધરે.

# ફિલ્મી ગપશપ

## ટીવી, નાટક અને ફિલ્મોના લોકપ્રિય ગુજરાતી અભિનેતા ટીકુ તલસાણીયાને હાર્ટએટેક : હોસ્પિટલમાં

# ટીકુ તલસાણીયાની તબિયત અચાનક બગડીઃ તબીબોનું ટીકુ તલસાણિયાની તબિયત પર સતત મોનીટરીંગ

મુંબઈ,તા.૧૧

ટચુકડા પરદે બિગ સ્ક્રીન પર અને રંગભૂમિ પર લોકોને પેટ પકડીને હસાવનાર ટીકુ તલસાણિયાની આજે અચાનક તબિયત બગાડી જતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમને હાર્ટ એટેક આવ્યો હોવાનું જાહેર થયું છે તબીબો સતત તેમની તબિયતનું મોનીટરીંગ કરી રહ્યા છે.



હાલ તેમની હાલત ગંભીર જણાવાઈ રહી છે.આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ પ્રખ્યાત ટીવી અને બોલિવૂડ એક્ટર ટીકુ તલસાનિયાની તબિયત અચાનક બગડી ગઈ છે. તેમની હાલત નાજુક હોવાનું કહેવાય છે. અહેવાલ છે કે અભિનેતાની તબિયત સારી ન હતી જેના પછી તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

હોસ્પિટલમાં દાખલ થવા પાછળનું પ્રાથમિક કારણ હાર્ટ એટેક હોવાનું કહેવાય છે, પરંતુ તબીબો હજુ પણ તેમની તબિયત બગડવાનું કારણ શોધી રહ્યા છે. ટીકુ તલસાનિયા વિશેના આ સમાચાર ખૂબ જ આશ્ચર્યજનક છે. ટીકુ ૭૦ વર્ષના છે. તે ઈન્ડસ્ટ્રીના સિનિયર એક્ટર છે. આવી સ્થિતિમાં એવી અપેક્ષા રાખવામાં આવે છે કે અભિનેતા જલ્દી સ્વસ્થ થઈ જશે.

અભિનેતા ટીકુ તલસાનિયાનો જન્મ ૧૯૫૪માં થયો હતો. તેણે ૧૯૮૪માં લોકપ્રિય શો ‘યે જો હૈ ઝિંદગી’થી અભિનયની શરૂઆત કરી હતી. ૧૯૮૬માં તેણે ફિલ્મ ‘પ્યાર કે દો પલ’થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ટીકુ તલસાનિયા, જેમણે વિવિધ પ્રકારના પાત્રો ભજવ્યા છે, તેઓ તેમની કોમિક ભૂમિકાઓ માટે સૌથી વધુ જાણીતા છે. તેની કોમેડીની સ્ટાઈલ અને ટાઈમિંગ બંને અદ્દભૂત છે.તેમની ડાયલોગ ડિલિવરી જ દર્શકોને હસાવવા માટે પૂરતી છે. પોતાની ચાર દાયકા લાંબી કારકિર્દીમાં ટીકુ તલસાનિયાએ ‘એક સે બડકર એક’, ‘હુકુમ મેરે આકા’, ‘ગોલમાલ હૈ ભાઈ સબ ગોલમાલ હૈ’, ‘પ્રિતમ પ્યારે ઔર વો’ અને ‘સાજન રે જૂથ’ જેવા ઘણા મહાન ટીવી શોમાં કામ કર્યું છે. મેટ બોલો’ માં કામ કર્યું છે.

ફિલ્મોની વાત કરીએ તો ’દિલ હૈ કી માનતા નહીં’, ‘બોલ રાધા બોલ’, ‘અંદાઝ અપના અપના’, ‘ઈશ્ક’,‘દેવદાસ’, ‘પાર્ટનર’, ‘ધમાલ’, ‘સ્પેશિયલ ૨૬’, ‘સર્કસ’. જેવી ફિલ્મોમાં જોવા મળી હતી ટીકુ છેલ્લે ૨૦૨૪માં આવેલી ફિલ્મ ‘વિકી વિદ્યા કા વો વાલા વીડિયો’માં જોવા મળ્યો હતો.


આમાં તેની સાથે રાજકુમાર રાવ, તૃપ્તિ ડિમરી, મલ્લિકા શેરાવત, વિજય રાઝ અને અર્ચના પુરણ સિંહ હતા. ટીકુ તલસાનિયાના લગ્ન દીપ્તિ તલસાનિયા સાથે થયા હતા. તેમને બે બાળકો છે - એક પુત્ર રોહન તલસાનિયા અને પુત્રી શિખા તલસાનિયા.

રોહન મ્યુઝિક કમ્પોઝર છે અને શિખા બોલિવૂડમાં એક્ટ્રેસ છે. ‘વીરે દી વેડિંગ’માં શિખા તલસાનિયા, ‘કુલી નં. ૧’ અને ‘આઈ હેટ લવ સ્ટોરીઝ’. અમને આશા છે કે ટીકુ તલસાનિયા જલ્દી સ્વસ્થ થઈને ઘરે પરત ફરશે.

# ‘વસુધૈવ કુટુંમ્બકમ’ એટલે પૃથ્વી પર વસતો દરેક માનવી એ આપણો પરિવાર છે આ ફક્ત હિન્દુ સંસ્કૃતિ જ કહી શકે તેમ છે : મગનભાઈ પટેલ

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૧

ગુજરાતની જુદી-જુદી સામાજીક,શૈક્ષણિક સંસ્થાઓમાં હિન્દૂ સંસ્કૃતિ ઉપર પોતાનાં વિચારો વ્યકત કરતા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજનાં પ્રમુખ,શામ સેવા ફાઉન્ડેશનના ચેરમેન અને ઓલ ઈન્ડિયા સ્જીસ્ઈ ફેડરેશનના પ્રમુખ ગુજરાતનાં ઉદ્યોગપતિ તેમજ સમાજસેવી શ્રી મગનભાઈ પટેલે પોતાનાં વિચારો રજુ કરતાં જણાવ્યું કે તેમનાં જીવનનાં કાર્યકાળ દરમિયાન રાજકીય, સામાજીક, આરોગ્ય, શિક્ષણ, કૃષિ, રોજગાર લક્ષી જેવા અનેકવિધ ક્ષેત્રે પરિણામલક્ષી કાર્યો થયા છે તદુપરાંત વર્ષ ૧૯૬૭થી ગરીબ તેમજ વિકર સેક્શનના લોકો,આદિવાસી તેમજ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા શ્રમિકોના પરિવારો માટે અનેક વિકાસશીલ કાર્યો કરી તેઓને સામાન્ય પ્રવાહમાં લાવવાનો તેમને ઈશ્વરે જે સુવર્ણ અવસર આપ્યો છે તેને સાચા અર્થમાં ચરિતાર્થ કરવાનો તેમને આત્મસંતોષ છે.આજે ૮૩ વર્ષની ઉંમરે પણ તેઓ પ્રતિદિન આ સેક્ટર પાછળ રોજના ૧૦ કલાક આપી રહ્યા છે અને તેમની આવકનું મોટાભાગનું ફંડ આ કાર્યો પાછળ વાપરી રહ્યા છે જેથી આ ક્ષેત્રના બીજા લોકોને પ્રેરણા મળી રહે.તેમનું કહેવું છે કે સરકાર પ્લાનિંગ કરી શકે અને આપણે સૌ સરકારને મદદ કરીશું તો સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવી શકશે પણ જો આપણે સૌ કાયદાનું ઉલ્લંઘન કરીશું તો ભાવિ પેઢી આપણને કદી માફ નહિ કરે.તેમનાં આ સેવાકીય કાર્યોમાં ૮૨ વર્ષીય તેમનાં ધર્મપત્ની શાંતાબેન મગનભાઈ પટેલ પણ જોડાયેલ છે.તેઓ પણ અનેક સામાજીક સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દા પર ડોનર ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહ્યા છે જે તેમનાં માટે અહોભાગ્ય છે.વર્ષ ૧૯૬૭ થી સૌરાષ્ટ્ર



પટેલ સેવા સમાજનાં ફાઉન્ડર સેક્રેટરી,ઉપપ્રમુખ અને આજે પ્રમુખ તરીકે ઘણાં વર્ષોથી સ્કૂલો, કોલેજો, ટ્રેનિંગ સેન્ટરો જેવી અનેક સંસ્થાઓમાં પ્રમુખ તેમજ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે રહેવાની તેમને તક મળી છે.આ સિવાય ભારત સરકાર તેમજ રાજ્ય સરકારમાં મિનિસ્ટ્રી ઓફ ફાયનાન્સ,મિનિસ્ટ્રી ઓફ સ્જીસ્ઈ તેમજ ઈૈં જેવી સંસ્થાની વિવિધ કમિટીઓ જેવી કે ઉદ્યોગ,આરોગ્ય,શિક્ષણ,ફાયનાન્સમાં ઉચ્ચ હોદ્દા પર રહી ૧૫ વર્ષ સુધી સેવા કરવાની તેમને જે તક મળી એનાથી લોકો સમક્ષ પોતાની ઓળખ ઉભી કરી શકયા છે.તેમનું કહેવું છે કે આપણી આસપાસની તમામ ચીજ વસ્તુઓ જેમકે મનુષ્ય,પશુ-પક્ષી,જીવજંતુ,વનસ્પતિ, પાણી,ધરતી,આકાશ તમામ નેચર એટલે કે કુદરતે બનાવેલ એક વ્યવસ્થા છે જેની જાળવણી થાય પરંતુ વિનાશ ન થાય એ જોવાની આપણા સૌની નૈતિક જવાબદારી છે.આ માટે આપણે સૌ કુદરતનાં ઋણી છીએ.આજે આપણે જન્મ આપનારી માતા અને પોષણ કરનાર પિતાની ગરિમા પણ સાચવી શકતા નથી.ધર્મશાસ્ત્રોના વાંચન, કથાકારોને સાંભળીને આપણે આપણી ફરજ સમજીશું તો આપણી આવનારી પેઢી પણ તેનું અનુકરણ કરશે.ભારતીય સંસ્કૃતિ એટલે પ્રાણી માત્ર પર દયા રાખવાની તેમજ કામ,ક્રોધ,મદ,લોભ,મોહ ઉપર કાબુ મેળવી સત્ય અને અહિંસા,ત્યાગ,સહનશક્તિ જેવા અનેક હિન્દુ સંસ્કૃતિના સ્લોગન છે જેને જાળવવાની આપણા સૌની જવાબદારી છે.હક અને ફરજ એક સિક્કાની બે બાજુ છે.આપણો હક એ બીજાની ફરજ છે,બીજાની ફરજ એ આપણો હક છે.કોઈપણ ધર્મના વડા,સામાજીક વડીલો, રાજકીય આગેવાનો જેવા લોકોનું આપણે સન્માન કરવું જોઈએ જે હિન્દુ સંસ્કૃતિ તરીકે આપણું કર્તવ્ય છે.આ સંસ્કૃતિનો નાશ કરવામાં વિદેશી મુગલો દ્વારા આશરે ૮૦૦ વર્ષ અને ૨૦૦ વર્ષ અંગ્રેજો તેમજ તેની સાથે જોડાયેલા અમુક ખંડિયા રાજાઓ એમ આશરે ૧૦૦૦ વર્ષ સુધી પ્રયત્નો થયેલ પણ આ સંસ્કૃતિને આંચ પણ આવી નથી જેના વારસાને આપણા સંસ્કૃતિનાં રક્ષકોએ ધર્મ સ્વરૂપે સાચવી રાખ્યો છે.આજનાં ગ્લોબલાઈઝેશનના યુગમાં આ સંસ્કૃતિને સાચવી રાખવી અઘરી છે માટે તેને રાજકીય રીતે પ્રાધાન્ય આપવું પડશે અને કાયદાનું રૂપ આપી તેનું પાલન કરવું પડશે.

શ્રી મગનભાઈ પટેલનું ભારપૂર્વક કહેવું છે કે ×વસુધૈવ કુટુંમ્બકમ× એટલે પૃથ્વી પર વસતો દરેક માનવી એ આપણો પરિવાર છે આ ફક્ત હિન્દુ સંસ્કૃતિ જ કહી શકે તેમ છે.આ સંસ્કૃતિને તોડી-ફોડી અસ્તવ્યસ્ત કરવાના અનેક પ્રયાસો કરવામાં આવ્યા એ તમામ ભારતીય સંસ્કૃતિનાં મુસલમાનો નહોતા પરંતુ વિદેશી મુસ્લિમો તેમજ મુગલો હતા જેઓએ ભારતમાં રહેતા હિન્દુ,મુસ્લિમ,શીખ,ઈસાઈ તમામ ધર્મને હાનિ પહોંચાડી છે તેઓ એક



પ્રકારનાં લૂંટારુઓ જ હતા.આ લોકો ભારતીય મુસલમાનોને મુસલમાન સમજતા જ નહોતા કારણ કે તેમાંથી મોટાભાગનાં લોકો હિન્દુમાંથી મુસલમાનમાં કન્વર્ટ થયા હતા.મહંમદ ગઝની,મહંમદ ઘોરી જેવા બાદશાહો તેમજ મોગલોએ સાત પેઢી સુધી ભારત દેશમાં રાજ કર્યું તેમજ દેશની ધન સંપત્તિ લઈ અવ્યવસ્થા ઉભી કરી હતી.જયારે ભારતીય અમુક મુસ્લિમોએ તો હિન્દુસ્તાનની સ્વતંત્રતામાં શહીદી વહોરી દેશની સંસ્કૃતિમાં વફાદારી પ્રસ્થાપિત કરી છે.ભારતીય મુસલમાનોએ ભારતીય સંસ્કૃતિનું અપમાન ન થાય અને આતંકવાદ જેવી દેશદ્રોહી પ્રવુતિઓને ટેકો ન આપવો અગર તો જોડાવું ન જોઈએ.ભારતીય મુસલમાનો એ સમજવું જોઈએ કે દેશનાં ભાગલા પડ્યા ત્યારે પાકિસ્તાનમાં આશરે ૧૮ ટકા હિન્દુઓ હતા જેના ઉપર અત્યાચાર અને જુલમો ગુજારીને તે લોકો પોતાની સંપત્તિ ત્યાં મૂકીને માઈગ્રેટ થયા છે અને ત્યાં આજે હિન્દુઓની આશરે ૨ ટકા જેટલી જ વસ્તી રહી છે.એ જ રીતે બાંગ્લાદેશ જે પાકિસ્તાનનો એક ભાગ હતો તેને પણ અન્યાય થતો હતો ત્યારે પણ બાંગ્લાદેશ બનાવવામાં તે સમયની ભારત સરકારે મિલિટ્રી તેમજ આર્થિક ભોગ આપ્યો છે.આજે બાંગ્લાદેશમાં પણ હિંદુઓ પર અત્યાચાર કરી બહાર કાઢવામાં આવી રહ્યા છે તેમજ હિન્દુ ધર્મસ્થાનોનો નાશ કરવામાં આવી રહ્યો છે આ માટે મોટા દ્દૈંજ એ આની નોંધ લઈ ભારતની સરકારને મદદ કરવી જોઈએ.દેશ સ્વતંત્ર થયો ત્યારે હિન્દુસ્તાનમાં જે મુસલમાનો હતા તેમાં આજે ઘણો વધારો થયો છે અને મુસ્લિમોને આજ સુધી કોઈ તકલીફો પડી નથી.આજે ભારતીય મુસલમાન પરિવારો ભારતમાં જે સ્વતંત્રતા અને સલામતી ભોગવી રહ્યા છે તે દુનિયાનાં વધારે મુસ્લિમ વસ્તી ધરાવતા કોઈપણ દેશમાં જોવા મળતી નથી. કારણ કે ત્યાં લોકશાહી નથી ત્યાં ફક્ત ને ફક્ત ગુલામ અવસ્થામાં લોકોને રાખવામાં આવે છે અને માનવ અધિકારોનું પાલન નહિ કરીને કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય થઈ રહ્યું છે.આજે દુનિયાનાં ઘણાં દેશોમાં આ પ્રકારની પરિસ્થિતિ છે.

શ્રી મગનભાઈ પટેલનું ગંભીરપણે કહેવું છે કે દેશ આઝાદ થયો ત્યારે દેશનાં મોટાભાગના ગરીબ કિસાન અને શ્રમજીવી લોકોનાં શરીર હાડપિંજર જેવા થઈ ગયેલા હતા,જંગલના પ્રાણીઓ જેવી દશા ભારતીયોની હતી.એ સમયની માતા ૧૩-૧૪ બાળકોને જન્મ આપતી હતી પરંતુ સંપૂર્ણ આહાર નહિ મળવાથી ૫ થી ૬ જેટલા જ બાળકો જીવિત રહેતા હતા,આ એક કાળો ઈતિહાસ હતો જે આપણા વડવાઓ પાસેથી જાણવા મળેલ જેને આજે યાદ કરવામાં આવે તો આપણે ભોજન પણ ન લઈ શકીયે.અંગ્રેજોએ ભારતનાં ભાગલા પાડી દેશનાં ૯૫ ટકા નાગરિકો ઉપર અમાનુષી અત્યાચાર અને જુલમો કર્યા છતાં પણ હિન્દુ સંસ્કૃતિને આંચ પણ આવી નથી જેનો ઈતિહાસ સાક્ષી છે અને વર્ષ ૧૯૪૭માં આઝાદ હિન્દુસ્તાને આજે તેની હિન્દૂ સંસ્કૃતિના લીધે વિશ્વમાં અગ્ર સ્થાન મેળવ્યું છે.આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જેમને અમેરિકા જેવા દેશે વિઝા આપવાની ના પાડી હતી અને આજે એ જ દેશ લાલ જાજમ પાથરી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું સ્વાગત કરી રહ્યો છે સાથે-સાથે વિશ્વના ૧૦૦ જેટલા દેશોએ તેમની સાથે વિશ્વ શાંતિ માટે મિટિંગો કરી છે અને બીજા દેશો મિટીંગો માટે તલપાપડ બની રહ્યા છે જે આ દેશની સંસ્કૃતિની તાકાત દર્શાવે છે.નરસિંહ મહેતાનું લોકપ્રિય ભજન ×વૈષ્ણવ જન તો તેને કહીયે, જે પીડ પરાઈ જાણે રે× ને દુનિયાનાં આશરે ૧૨૪ જેટલા દેશોમાં ત્યાંની સરકારનાં માધ્યમથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રજૂ કરીને હિન્દુ સંસ્કૃતિનો પરચો બતાવ્યો જે ક્યાંય જોવા મળી શકે એમ નથી.સ્વામી વિવેકાનંદે હિન્દુ સંસ્કૃતિનો પ્રચાર કરી સમગ્ર વિશ્વને સ્તબ્ધ કરી દીધા હતા એ પછી મારી દ્રષ્ટિએ જો કોઈ હોય તો એ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જ છે.આ સિવાય હિન્દુ ધર્મનાં વડાઓ, સામાજીક વડાઓ તેમજ રાજકીય વડાઓએ પણ હિન્દૂ સંસ્કૃતિનો પ્રચાર કર્યો છે પણ અસરકારક પ્રચાર શ્રી નરેન્દ્ર મોદી તેમજ તેમની ટીમને જ આભારી છે.આજે અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કે જેઓ અમેરિકામા સ્થિત હિન્દુ મંદિરોમાં દર્શન કરવા માટે જાય છે તેમજ તેમની કેબિનેટમાં ભારતીય સંસ્કૃતિનાં મહિલા તુલસી ગબ્બાર્ડએ સ્થાન પ્રાપ્ત કર્યું છે કે જેઓ નેશનલ ઈન્ટેલિજન્સના ચીફ છે,આ સિવાય ભારતીય મૂળના બીજા મહિલા ઉષા વાંસ કે જેઓ સેકન્ડ વાઈસ પ્રેસિડેન્ટ જે.ડી.વાંસના પત્ની છે તેઓએ સેકન્ડ અમેરિકન લેડી તરીકે સ્થાન પ્રાપ્ત કરી ભારતનું ગૌરવ વધાર્યું છે.આ સિવાય અમેરિકન રાષ્ટ્ર પ્રમુખની ચૂંટણીના ઉમેદવાર રહી ચૂકેલ કમલા હેરિસ પણ મૂળ ભારતીય છે.યુ.કેના ભૂતપૂર્વ વડાપ્રધાન ઋષિ શુનક પણ હિન્દુ સંસ્કૃતિ તેમજ હિન્દુ ધર્મશાસ્ત્રોમાં અપાર શ્રધ્ધા ધરાવે છે તેમજ અમેરિકાનાં ભૂતપૂર્વ પ્રમુખ બરાક ઓબામા આજે પણ પોતાના ખિસ્સામાં હનુમાનજીની નાની મૂર્તિનું લોકેટ રાખે છે અને જ્યારે પણ તેઓ થાકેલા અથવા નિરાશ થાય છે ત્યારે તેમાંથી પ્રેરણા મેળવે છે.ભારતમાં હિન્દુ સંસ્કૃતિએ રાષ્ટ્રપતિ, વડાપ્રધાન કે દેશનાં કોઈ રાજ્યનાં મુખ્યમંત્રી જેવા ઉચ્ચ હોદ્દાઓ ઉપર મહિલાઓને સન્માન આપી મહિલા શક્તિનો પરિચય સમગ્ર વિશ્વને કરાવી દેશ તેમજ રાજયને ગૌરવ અપાવ્યું છે.જયારે અમેરિકા જેવા દેશમાં આશરે ૨૫૦ વર્ષના ઈતિહાસમાં એક પણ મહિલા રાષ્ટ્ર પ્રમુખ બની શકી નથી.આજે સમગ્ર વિશ્વમાં હિન્દુ મંદિરોમાં સ્થાનિક લોકો જવા લાગ્યા છે તેમજ તેઓએ નોન વેજ ખાવાનું પણ બંધ કરી દીધું છે સાથે-સાથે સંયુકત કુટુંબ ભાવનાને અપનાવી રહ્યા છે.

અંતમાં શ્રી મગનભાઈ પટેલે જણાવ્યું હતું કે આજે દરેક સેક્ટરમાં આશરે ૧૦ ટકા જેટલા લોકો ક્રિમિનલ,કરપ્ટેડ,દેશદ્રોહી માનસિકતા ધરાવતા ઓછાવત્તા અંશે હોઈ શકે પરંતુ ૯૦ ટકા જેટલા લોકોએ સાથે બેસીને પરિણામલક્ષી કાર્યો કર્યા છે જેના તેઓ સાક્ષી છીએ.ઈશ્વરે હિન્દુસ્તાન જેવા દેશમાં જન્મ આપીને ×માં ભારતી× અને તેનાં સંતાનોની સેવા કરવાની તેમને તેમજ તેમનાં પરિવારને જે તક આપી છે તે માટે તેઓ અને તેમની વિચારધારા સાથે જોડાયેલા તમામ ભારતીયો અમે સૌ કુદરતનાં આભારી છીએ.

# ‘વાણી’ ‘વર્તન’ અને ‘વિચાર’ પોતાની કંપનીની પ્રોડક્ટ છે... સાહેબ.જેટલી ગુણવત્તા ઉંચી રાખશો.એટલી વધુ કિંમત મળશે..

મકરસંક્રાંતિ ઉત્તરાયણનો થનગનાટ શરૂ થઈ ગયો છે. હાઈકોર્ટના કડક આદેશ વચ્ચે ચાઈનીઝ દોરી તુક્કલનું ધૂમ વેચાણ કેફી નશીલા દ્રવ્યોની જેમ થઈ રહ્યું છે આપણી બાહોશ પોલીસ દારૂની જેમ પાંચ દશ ચાઈનીઝ દોરીના ફીરકા પકડી મોટી બહોશી ભરી પ્રસિદ્ધિ કરાવી રહી છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો કોઈના ગુરુ થવાની ઈચ્છા ન રાખશો. તમારે ગુરુ થવું હોય તો તમારા મનના ગુરુ થાવ. તમારા મનને જ ઉપદેશ આપો અને એને તમારો પાકો ચેલો બનાવો. એને ફરી ફરી કહો, બચ્ચા,મન ભક્તિ માર્ગે ચાલે તો તને પ્રભુ મળશે. સંસારમાં જે નિંદ્ય છે તે છોડ અને જે વંદ્ય છે તેનું સેવન કર. પછી જો જો ચમત્કાર!આ લાડુમાં ઝેર છે એમ કોઈ કહે તો તે લાડુ તમે ખાશો નહીં. તેમ મનને સમજાવો કે આ સારના વિષયોમાં ઝેર છે, તું ખાઈશ નહીં.ખાઈશ તો તું દુ:ખી થઈશ.આમ બીજાના ગુરુ થવાનો મોહ છોડી નિજ મનના ગુરુ બનો. પોતાના ગુરુ થવું એનો અર્થ કર્ણના શિષ્ય થવું.દત્તાત્રેય ની પેઠે સર્વ ને ગુરુભાવથી જોતાં થાઓ તો ક્યાંય બંધન નહીં દેખાય. મન સંસારના વિષયોનું ચિંતન કરે છે અને સંસારમાં ફસાય છે.તે સંસારના વિષયોનું ચિંતન છોડી દે તો મુક્તિ છે. નિદ્રામાં મન નિર્વિષય બને છે. એટલે નિદ્રામાં આનંદનો અનુભવ થાય છે.નિદ્રા અને સમાધિમાં તફાવત છે,પરંતુ સામ્ય પણ ઘણું છે.સમાધિમાં સર્વ વિષયોમાંથી મન કહી જાય છે, ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. તેમ નિદ્રામાં પણ મન સંસારના સર્વ વિષયોમાંથી હટી જાય છે તેથી નિદ્રામાં આનંદ આવે છે,પરંતુ મન નિદ્રામાં સંપૂર્ણ નિર્વિષથ થઈ જતું નથી.જો તે મન પૂર્ણ નિર્વિષય થઈ જાય તો તેને સમાધિ કહે છે.નિંદ્રાનું સુખ તામસી સુખ છે.નિદ્રામાં હુંપણું અહમ્ બાકી રહી જાય છે. અહંભાવનો લય થતો નથી, ત્યારે સમાધિમાં અહંભાવનો



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

પણ લય થાય છે અને હુંપણું રહેતું નથી.

યોગીઓ આત્મસ્વરૂપમાં મનનો લય કરે છે. મનને કોઈ વિષય ન આપો એટલે તે આત્મસ્વરૂપમાં મળી જાય છે.મન આત્મસ્વરૂપમાં લય થાય એટલે મુક્તિ મળે છે.

વિષયોના ચિંતનથી મન જીવે છે અને વિષયોનો ત્યાગ કરવાથી મન મરી જાય છે.સંસારના વિષયોમાંથી મન હટી જાય એટલે મન શાંત બને છે. દીવામાંનું તેલ જ્યારે ખૂટી જાય છે ત્યારે દીવો શાંત થાય છે. તેમ મનમાં સંસાર ન રહે ત્યારે મન શાંત થાય છે. મનને કોઈ આધાર જોઈએ.મનને પ્રતિકૂળ વિષયોમાંથી અનુકૂળ વિષયોમાં લઈ જાવ.એ જ મન તમને મુક્તિનો આનંદ આપનારું બનશે.

નિદ્રામાં સર્વનો વિનાશ થાય છે, પણ અહંકારનો વિનાશ થતો નથી.નિદ્રામાં અહંભાવ ભૂલાતો નથી,સમાધિમાં અહંભાવ ભૂલાય છે.સમાધિમાં નામ અને રૂપ ભૂલાય છે.

સમાધિના બે પ્રકાર છે:જડ સમાધિ અને ચેતન સમાધિ. યોગી



મનને બળાત્કારથી વશ કરી પ્રાણ ના બ્રહ્મરંધ્રમાં સ્થાપન કરે છે.એ જડ સમાધિ છે, પરંતુ મન ઉપર બળાત્કાર કર્યા વગર પ્રેમથી સમજાવીને તેને વિષયોમાંથી હટાવી લેવું એ ચેતન સમાધિ છે.

વિશ્વામિત્રની સમાધિ જડ હતી. સાઠ હજાર વર્ષ તપ કર્યું, છતાં મેનકાને જોઈને તેમનું મન લલચાયું હતું. બળાત્કારે રાખેલું મન ક્યાં સુધી કાબૂમાં રહે? માટે સમાધિ સહજ હોવી જોઈએ. એવી સહજ સમાધિ શ્રીકૃષ્ણ લીલામાં છે.કનૈયાની વાંસળી સાંભળી ગોપીઓ સહજ સમાધિ નો અનુભવ કરે છે.શ્રી કૃષ્ણ કથા નું વર્ણન કરતાં આંખો ઊઘાડી હોવા છતાં સમાધિ લાગે છે. ગોપીઓએ કદી નાક પકડી સમાધિ લગાવવાનો પ્રયત્ન કર્યો નથી.તેમની તો હાલતાં-ચાલતાં, સૂતાં-બેસતાં સર્વત્ર, સર્વકાળે સમાધિ જ લાગેલી રહે છે.તેઓને આપો આપ સમાધિ લાગે છે.

આ ભોગી શરીર યોગાભ્યાસ કરી શકે નહીં. ભોગી યોગી થવા જાય તો યોગી થવાને બદલે રોગી થઈ જાય.યોગનું પહેલું સાધન છે બ્રહ્મચર્ય. એ બ્રહ્મચર્યનું પાલન કર્યા વગર કોઈ યોગ સિદ્ધ કરવા જાય તો ખાડામાં પડે.

પણ શ્રીકૃષ્ણ કથા એવી છે કે, જેથી અનાયાસે જગત ભૂલાય છે જગતમાં રહીને જગતને ભૂલવુંછે એનું એકમાત્ર સાધન શ્રીકૃષ્ણ કથા છે.પ્રત્યક્ષ પ્રમાણ મોજૂદ છે. પરીક્ષિતને સાત જ દિવસમાં મુક્તિ મળી છે. સાત દિવસમાં પરીક્ષિત રાજા જગતને ભૂલી જાય છે અને શ્રીકૃષ્ણમાં તેનું મન તન્મય થાય છે.શ્રીકૃષ્ણ કથાનો એ ચમત્કાર છે.

મોટા મોટા જ્ઞાની મહાત્માઓને બીક હતી કે, સાત દિવસમાં તે કેવી રીતે મુક્તિ મળે? પણ શુકદેવજી મહારાજ એવી ચતુરીથી,ધીરે ધીરે રાજાના મનને અનાસક્ત બનાવી શ્રીકૃષ્ણ પ્રેમ માં તન્મય કરે છે.સાત દિવસમાં રાજાનું જ્ઞાન વધે છે,ભક્તિ વધે છે,વૈરાગ્ય વધે છે અને શ્રીકૃષ્ણ કથામાં રાજા તન્મય બની મુક્તિ પામે છે.

એકલા રાજાને માટે જતે શક્ય છે એવું નથી. આપણા સૌના માટે તે શક્ય છે. રાજાએ જેવો પ્રયત્ન કર્યો તેવો આપણે સૌએ કરવો જોઈએ. ચરી પાળવાની શરત પાળીએ તો દવા અસર કરે જ. શ્રીકૃષ્ણ કથા એ ભવસાગરના દુ:ખોમાંથી છૂટવાની એક માત્ર ઔષધિ છે.

યોગીઓ આંખો બંધ કરીને જગતને ભૂલવાનો પ્રયત્ન કરે છે, પણ જગત ભૂલાતું નથી.તેમને એ અઘરું લાગે છે.બીજીબાજુ ગોપી ઓની એવી હાલત છે કે, તેઓ જગતને યાદ કરવા માગે તો યાદ કરી શકતી નથી. તો આ બેમાં સાધના કોની ચડિયાતી ઠરી? ગોપીઓની જ. શ્રીકૃષ્ણ પ્રેમનું આ કૌતુક છે. મનમાં વિરોધ ન રાખો,વાસના ન રાખો.વિરોધ અને વાસના નિરોધ માં વિઘ્ન કરે છે.તેના વિનાશથી જ મનનો નિરોધ થાય છે. જગતના કોઈ પણ જીવ સાથે વિરોધ ન રાખો. તેમ જગતના ભોગ પદાર્થો ભોગવવાની વાસના ન રાખો. નિરોધ થાય છે.

અનાયાસે જીવને મુક્તિ મળે છે. શ્રીકૃષ્ણલીલામાં અનાયાસે મનનો નિરોધ થાય છે. ઘડીભર માની લો કે, આ સંસાર સુંદર છે.તો આ સુંદર સંસારને બનાવનારો કેટલો સુંદર હશે તેનો કોઈ દિવસ વિચાર કર્યો છે?મનુષ્ય સૌંદર્ય જોવા માટે કાશ્મીર વગેરે સ્થળોએ જાય છે, હા ત્યાં જવાની કંઈજ જરૂર નથી કારણ કે ખરું સૌંદર્ય અંતરમાં છે, ઈશ્વરમાં છે.તે સૌંદર્ય જોવા પ્રયત્ન કરો.

પરમાત્માના કોઈ પણ સ્વરૂપ સાથે તન્મય થાઓ તો તમને મુક્તિ મળશે.ભાગવત એમ કહેતું તથી કે,ફક્ત શ્રીકૃષ્ણમાં જ તન્મય થાઓ. ઈશ્વરના કોઈ પણ સ્વરૂપ માં તન્મય થાઓ. તમને ગમે તે ઈશ્વરનું સ્વરૂપ તમે અપનાવો. એકાંત અનન્ય ભક્તિ રાખો અને અન્યને અંશરૂપ માની તેને કંદન કરો.આ પ્રમાણે બીજા માં અંશાત્મક પ્રેમ રાખો તો પછી ભક્તિમાં રાગદ્વેષ આવશે નહીં, તેજ અનન્ય ભક્તિ છે. અનન્ય ભક્તિ એવું નથી કહેતીકે બીજાને તુચ્છ કરવા.સ્ત્રીનો સોળઆની પ્રેમ પોતાના પતિમાં હોય છે,પણ પતિનાં બીજાં સગાંઓમાં તે અંશાત્મક પ્રેમ રાખી તેમની સેવા પણ કરે છે બીજા તરફ પ્રેમ રાખે છે,તેથી તેના પતિ પરના પ્રેમમાં કશી ન્યૂનતા આવતી નથી. તેવું જ અનન્ય ભક્તિનું છે.

શ્રીકૃષ્ણ કથા અનાયાસે મુક્તિ આપનારી છે.મુક્તિ આત્માને મળતી નથી.આત્માને મુક્ત થવાનો કોઈ પ્રશ્ન જ નથી. આત્મા સદા મુક્ત છે.

આત્મા પરમાત્માનો અંશ છે તેથી આત્માનું બંધન કાલ્પનિક છે. આત્માને બંધન છે જ નહીં. કેટલાક આત્મા-પરમાત્માને એક માને છે.કેટલાક આત્માને પરમાત્માનો અંશ માને છે.તેઓ અંશ અંશી ભાવમાં માને છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે, જીવ લોકમાં મારો જ અંશ છે,એટલે કે જીવ ઈશ્વરનો અંશ છે.આ વિશે શંકર સ્વામી કહે છે કે,જીવ ઈશ્વરના અંશ જેવો છે,પણ અંશ નથી. જીવ ઈશ્વરનો અંશ ન હોઈ શકે, કારણ કે ઈશ્વરના ટુકડા થઈ શકે નહીં, પરંતુ આત્મા અને પરમાત્મા એક જ છે.ઘડામાંનું આકાશ કે વ્યાપક આકાશ-

મહાકાશ એક જ છે,પરંતુ ઘડાની ઉપાધિ છે તેથી અંશાઅંશી ભાવ ભાસે છે. તેવી રીતે જીવ અને પરમાત્મામાં ભેદ નથી.એક મણ ખાંડમાંથી એક તોલો ખાંડ લો તો તે એક મણ ખાંડ નહીં રહે. ગુલાબના ફૂલમાંથી કોઈ એક પાંખડી લઈ લો તો તેના સ્વરૂપનો ભંગ થશે,તે અખંડ ફૂલ નહીં કહેવાય. તે જ પ્રમાણે જીવ જુદો અંશ હોય તો અંશી ઈશ્વર અખંડ રહે નહીં, પણ ઈશ્વર તો નિત્ય છે અખંડ છે.તેના ટુકડા થઈ શકેનહીં આમ તત્ત્વદષ્ટિથી જીવ ઈશ્વરનો અંશ છેએ બરાબર નથી પણ ઉપાસનામાં અંશઅંશીનો ભેદ છે.વ્યવહારમાં અંશઅંશીનો ભેદ છે.બિંદુઓનો સાગર છે, પણ બિંદુએ સાગર નથી

રામાનુજાચાર્ય વગેરે આચાર્યો માને છે કે, આત્મા અંશ છે અને પરમાત્મા અંશી છે.બીજા આચાર્યો વળી કહે છે કે, જીવ બદ્ધ દશામાં ઈશ્વરનો અંશ છે અને મુક્ત દશામાં અંશી છે. આમ અંશઅંશીના ભેદમાં તેઓ માને છે પણ તેઓ અંશઅંશીને એક જ સમજે છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

## સાબરકાંઠા ખોરાક અને ઔષધી નિયમન વિભાગની કામગીરી ફક્ત કાગળ ઉપર...!

# હિંમતનગરના પ્રેમપુર ગામમાં ગોપાલ નમકીનના ગાંઠીયાના પેકેટમાં મૃત ઉંદર નીકળ્યો : બાળકીને ઝાડા-ઉલ્ટી થયા





(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૧

હિંમતનગર તાલુકાના પ્રેમપુર ગામમાં ગોપાલ નમકીનના ગાંઠીયા ખાધા બાદ બાળકીને ઝાડા અને ઉલટી થયાનો પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.પ્રેમપુર ગામમાં ગોપાલ નમકીનના ગાંઠિયા ઘરે ખાવા માટે મંગાવ્યા હતા. એક નાની બાળકી અને તેની મમ્મીએ ગાંઠીયા ખાધા હતા. અચાનક ગાંઠીયા ખાધા બાદ નાની બાળકીને ઝાડા અને ઉલટી થતાં બાળકીના પિતા બાળકીને દાવડ સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા અને ગાંઠિયાનું પેકેટ ચેક કર્યું તો અંદરથી મરી ગયેલ ઉંદર નીકળ્યો હતો. સુત્રો ધ્વારા મળતી માહિતી મુજબ તંત્રની મીલીભગતથી સાબરકાંઠાના કેટલાક વેપારીઓ લોકોના આરોગ્યનીકોઈપણ પ્રકારની પરવા કર્યા વગર માત્ર પોતાના આર્થિક ફાયદા માટે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરી રહ્યા છે જેને કારણે ભેળસેળીયા વેપારીયોમાં તંત્રનો ડર રહ્યો નથી. સરકારી ચોપડે બતાવવા પુરતી કામગીરી કરાઈ રહ્યાનું અને મોટા હપ્તાઓ ઉપર સુધી જતા હોવાનું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે અવારનવાર સાબરકાંઠા જિલ્લામાં ખાદ્ય પદાર્થમાંથી ઉંદર ગરોળી સહિતના મૃત જીવો નીકળવાના બનાવો સામે આવ્યા છે ત્યારે સાબરકાંઠા ખોરાક અને ઔષધી નિયમન વિભાગની કામગીરી ફક્ત કાગળ ઉપર હોય તે પ્રમાણેના લાગી રહ્યું છે ખોરાક અને ઔષધી નિયમન વિભાગની નિષ્ફળ કામગીરીને પગલે સ્થાનિકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે....

## પાલનપુરમાં પોલીસે બાઈક-એક્ટિવા પર વિનામૂલ્યે સેફ્ટી ગાર્ડ લગાવ્યા, ચાઇનીઝ દોરીથી દૂર રહેવા અપીલ



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૧

બનાસકાંઠા જિલ્લામાં ઉતરાયણના તહેવાર પહેલા પોલીસ દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાના નેતૃત્વમાં પાલનપુર શહેરના ગુરુનાનક ચોક ખાતે ટુ-વ્હીલર વાહનો પર વિનામૂલ્યે સેફ્ટી ગાર્ડ લગાવવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.આ પહેલનો મુખ્ય હેતુ ઉતરાયણ દરમિયાન પતંગના દોરાથી થતી દુર્ઘટનાઓને રોકવાનો છે. દર વર્ષે ગુજરાતમાં ઉતરાયણ પર્વ દરમિયાન પતંગના દોરાથી અનેક લોકોના ગળા કપાવાની ઘટનાઓ બને છે, જેમાં કેટલાક કિસ્સાઓમાં લોકોએ જીવ પણ ગુમાવવો પડે છે.

પોલીસ વિભાગ અને રોટરેક્ટ ક્લબ ઓફ પાલનપુરના સંયુક્ત પ્રયાસથી બાઈક અને એક્ટિવા સહિતના ટુ-વ્હીલર વાહનો પર સુરક્ષા માટે તાર લગાવવામાં આવી રહ્યા છે. આ સેવાનો મોટી સંખ્યામાં વાહનચાલકોએ લાભ લીધો છે.જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ લોકોને ખાસ અપીલ કરી છે કે ઉતરાયણના દિવસોમાં વિશેષ સાવચેતી રાખે અને ચાઈનીઝ દોરીનો ઉપયોગ ટાળે. આ સાથે તેમણે વાહનચાલકોને સલામતીના પગલાં અપનાવવા પણ જણાવ્યું છે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને.

## અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ખુલ્લો મુકતા મુખ્યમંત્રી

# આપણો પતંગ મહોત્સવ સાચા અર્થમાં ગ્લોબલ બન્યો છે : CM ભૂપેન્દ્ર પટેલ





(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૧

ભુપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ કર્યો હતો. દેશ-વિદેશના સેંકડો પતંગબાજો આ મહોત્સવમાં ભાગ લઈ રહ્યા છે.

હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે પતંગ મહોત્સવનો પ્રારંભ કરાયો હતો અને આ વર્ષના પતંગ મહોત્સવમાં વિશ્વના ૪૭ દેશો તથા ૧૪૩ તથા દેશના અનેક રાજ્યોના બાવન તેમજ ગુજરાતના ૧૧ પતંગબાજો આ મહોત્સવમાં ભાગ લઈ રહ્યા છે.

આજે અમદાવાદ બાદમાં તા.૧૨ના આવતીકાલ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ઉપરાંત રાજકોટ અને વડોદરામાં આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે. જ્યારે ૧૩ના રોજ સુરત, શિવરાજપુર અને ધોરડોમાં પતંગ મહોત્સવ મનાશે.

અમદાવાદમાં રીવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવતા કહ્યું કે, ગુજરાતમાં આ ઉત્સવ લોકલમાં ગ્લોબલ બન્યો છે અને ૧૧ દેશોના રાજદૂતો પણ આજે સામેલ થયા છે. તે દર્શાવે છે કે, ગુજરાત એ વિશ્વમાં હવે સૌનું ધ્યાન ખેંચનાર રાષ્ટ્ર બની ગયું છે.

## કાંકરેજ તાલુકાની હરિનગર અનુપમ પ્રા.શાળામાં બાળકોને સૂકામેવાનુ વિતરણ કરવામાં આવવ્યુ



(ગરવી તાકાત) કાંકરેજ તા.૧૧

શિયાળોઓ એટલે સરસ મજાની ફૂલ ગુલાબી ઠંડીની ઋતુ...આવી ઋતુમાં અંતરીયાળ સીમ વિસ્તારના બાળદેવો માટે અવિરત સાતમા વર્ષે પણ કાજુ, બદામ અને દ્ગાક્ષ જેવા સૂકા મેવાનુ વિતરણ કરવામાં આવ્યું. જે શરીરને ગરમી અને શક્તિ પુરી પાડે છે.એવુ એસ.આર.પટેલ એન્જીનિયરીંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અમીબેન શાહે જણાવ્યું. અને તેમના વરદહસ્તે દરેક બાળકને ૩૦૦ ગ્રામના કાજુ.બદામ.દ્ગાક્ષના પેકેટ આપવામાં આવ્યા.બહેન નું ગુલાબની પાંદડીઓ,કંકુ તિલક અને સાફો પહેરાવી શાળાની બાલિકાઓએ સુંદર મજાનું સ્વાગત કર્યુ હતું આ પ્રસંગે શાળાના પૂર્વ આચાર્ય મદારજી ઠાકોર. પૂર્વ સરપંચ ચંદુજી ઠાકોર. એસ.એમ.સી. સભ્યો મેતુજી ઠાકોર અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા. હતા શાળાના આચાર્ય નીલમભાઈ પટેલ તથા શિક્ષક જીગ્નેશભાઈ પટેલ અને મદારજી ઠાકોરે

બેન ને બનાસ દર્શન મોમેન્ટ અર્પણ કર્યું. શાળાની શૈક્ષણિક, સહ અભ્યાસિક તથા પર્યાવરણ લક્ષી પ્રવૃત્તિઓનું અવલોકન કર્યું, અને બાળકોમાં શ્રીહરિના દર્શન થયા એવી અનુભૂતિ વ્યક્ત કરી. બાળકોને અને શાળા પરિવારને પોતાની એન્જિનિયરિંગ કોલેજમાં આવવાનું આમંત્રણ આપ્યું.સુકામેવા વિતરણ કાર્યક્રમ પૂર્ણ થતા આચાર્ય નીલમભાઈએ ડૉ.અમીબેન શાહ તેમજ એસ. આર.પટેલ એન્જિનિયરિંગ કોલેજ પરિવારનું આભાર માન્યો.

# ચાઈનીઝ દોરી અને અને તુક્કલના વેચાણ બાબતે બે વર્ષમાં ૨૩૦૩ થી વધુ ફરિયાદો : ગુજ.હાઇકોર્ટમાં સરકારનો રીપોર્ટ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

ગુજરાતભરમાં ચાઈનીઝ દોરી, ગ્લાસકોટેડ નાયલોન દોરી તેમજ ચાઈનીઝ ટુક્કલ પર હાઈકોર્ટ અને પોલીસ ઓથોરીટી દ્વારા કાયદેસર રીતે પ્રતિબંધ ફરમાવાયેલો હોવા છતાં હજુપણ ખુલ્લેઆમ વેચાણ થતું હોવાના મુદ્દે કરાયેલી અરજીઓમાં આજે રાજય સરકાર તરફથી સ્પષ્ટ કરાયું છે કે, ચાઈનીઝ, નાયલોન કે ઘાતક દોરીઓના વેચાણ કે ઉપયોગ અને ઉત્પાદન સંબંધી કિસ્સાઓમાં છેલ્લા બે વર્ષમાં અમદાવાદ સહિત રાજયભરમાં કુલ ૨૩૦૩ થી વધુ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.

સરકારે સ્પષ્ટ કર્યુ કે, ઉતરાયણને લઈ આ મામલે સતત અને આકરી કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. ઉલ્લેખનિય છે કે ગુજરાત હાઈકોર્ટમાં થેયલી રિટ અરજીમાં રાજયના ગૃહવિભાગ તરફથી આંકડાકીય માહિતી સાથેનો એકશન ટેકન રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. તેની આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવશે.

હાઈકોર્ટ દ્વારા અગાઉ ચાર મહાનગરોના ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ અને



**આ માટે લોકજાગૃતિ, સોશ્યલ મીડિયા અને પબ્લીક પ્લેટફોર્મના પ્રયાસોથી સતત જાગૃતિ પણ ફેલાવાઇ રહી છે.**

પોલીસ કમિશનરો પાસેથી જરૂરી આદેશોના પાલન સંબંધી અત્યારસુધીમાં શું કામગીરી કરી અને કયા પ્રકારના પગલાં લેવાયા તેને લઈને વિગતવાર રિપોર્ટ માંગ્યો હતો. જેના અનુસંધાનમાં રાજય સરકારના ગૃહ વિભાગ તરફથી વિગતવાર સોંગદનામું રજૂ કરી આંકડાકીય માહિતી સાથેનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો.

સરકાર તરફથી આંકડા રજૂ કરતાં જણાવાયું કે, ચાઈનીઝ, નાયલોન કે પ્લાસ્ટીક કોટેડ દોરીઓના ઉત્પાદન, વેચાણ કે ઉપયોગ સંબંધી ગુનાઓને લઈ તા.૧-૧-૨૦૨૩થી તા.૧૫-૧-૨૦૨૪ દરમ્યાન અમદાવાદ સહિત રાજયભરમાં કુલ ૨૧૫૫ અને તા.૧૬-૧-૨૦૨૪થી તા.૩૧-૧૨-૨૦૨૪ સુધી કુલ ૧૪૮ ફરિયાદો મળી બે વર્ષમાં કુલ ૨૩૦૩ ફરિયાદો નોંધવામાં આવી છે.

જેમાં સૌથી વધુ ૪૫૧થી વધુ ફરિયાદો તો એકલા અમદાવાદમાં જ નોંધાઈ છે. જેની સામે તા.૧-૧-૨૦૨૩થી તા.૧૫-૧-૨૦૨૪ દરમ્યાન ૧૮૮૨ આરોપીઓ અને તા.૧૬-૧-૨૦૨૪થી તા.૩૧-૧૨-૨૦૨૪ દરમ્યાન ૨૪૩ આરોપીઓની ધરપકડ સાથે કુલ ૨૧૨૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાં એકલા અમદાવાદમાંથી જ ૩૭૧થી વધુ આરોપીઓ પકડાયા છે.

સરકારપક્ષ તરફથી સોગંદનામાંમાં જણાવ્યા મુજબ, ઉતરાયણના ૨૦૨૫ના તહેવારને લઈ ચાઈનીઝ, નાયલોન કે પ્લાસ્ટીક કોટેડ દોરીઓના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગને લઈ ગૃહવિભાગ દ્વારા જરૂરી જાહેરનામું પણ તા.૨૪-૧૨-૨૦૨૪ના રોજ જારી કરી દેવાયું હતુ અને તેના અનુસંધાનમાં રાજયના તમામ જિલ્લા-તાલુકા કક્ષાએ પોલીસ દ્વારા પણ જરૃરી પરિપત્ર જારી કરી તેની અમલવારી શરૃ કરી દેવાઈ છે.

પોલીસ ઓથોરીટી અન સરકારના સત્તાવાળાઓ દ્વારા આ મુદ્દાને ગંભીરતાથી લઈ કાર્યવાહી કરાઈ જ રહી છે. આ માટે લોકજાગૃતિ, સોશ્યલ મીડિયા અને પબ્લીક પ્લેટફોર્મના પ્રયાસોથી સતત જાગૃતિ પણ ફેલાવાઈ રહી છે.

# સંક્ષિપ્ત સમાચાર

## મહેસાણા તાલુકાના સામેત્રા ગામ ખાતે પ્રાકૃતિક ખેતી ક્લસ્ટર બેઝ તાલીમ યોજાઇ



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત મહેસાણા તાલુકાના સામેત્રા ગામે પ્રાકૃતિક ખેતી ક્લસ્ટર બેઝ તાલીમ યોજાઈ હતી. ખારા ગામના ફાર્મર માસ્ટર ટ્રેનર હિરાજીભાઈ ઠાકોરે આ તાલીમમાં લક્ષ્મીપુરા, મરીડા,ખારા, મીઠા , ગમનપુરા – ગામના ગ્રામસેવક જયભાઈ પટેલે પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરીને ખેડૂતોને બીજામૃત, જીવામૃત તેમજ આંતરપાકો પદ્ધતિ વિશે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ તાલીમમાં ઉપસ્થિત ખેડૂત અને પશુપાલક બહેનોને રાસાયણિક ખેતીના ગેરફાયદા અને જીવામૃત ના ફાયદા તેમજ આંતરપાક પદ્ધતિ વિશે તેમજ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વિશે વિશેષ માહિતી મેળવી હતી.

## વિસનગરની શેઠ શ્રી સી એન કોમર્સ કોલેજ અને સી સી મહિલા આર્ટસ કોલેજ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૧

આજે તા.૧૧/૦૧/૨૦૨૫ ને શનિવારના રોજ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી "યુવા દિન" ૧૨ જાન્યુઆરી, ની પૂર્વ સંધ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.

શ્રીમતી સી. સી. મહિલા આર્ટ્સ અને શેઠ સી. એન. કોમર્સ કોલેજ, વિસનગરમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ.એમ.એફ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ અને વાઈસ પ્રિન્સિપાલ પ્રા. જે.જી મેતિયા સાહેબૈંઊછઝ નાં તળે સાંસ્કૃતિક સમિતિ ડૉ.જે.એમ ચૌધરી, પ્રા.કે.કે.ચૌધરી, ડૉ.આશાબેન ચૌધરી અને ડૉ.જાગૃતિબેન બી પટેલ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં, કાર્યક્રમ ની શરૂઆત પ્રાર્થના થી કરી હતી. સૌનું શાબ્દિક સ્વાગત સાંસ્કૃતિક સમિતિના સભ્ય શ્રી ડૉ.જે.એમ.ચૌધરી એ કર્યું હતું. ત્યારબાદ કોલેજના પ્રિન્સિપાલ એમ.એફ પટેલ, ડૉ.વિનોદભાઈ ચૌધરી અને ડૉ.શૈલેષભાઈ જોશી અને કોલેજના સૌ અધ્યાપક ગણ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ શરૂ કરાયો હતો. કાર્યક્રમમાં ૬૯ વિદ્યાર્થીની ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ડૉ.શૈલેષભાઈ જોશી.અને ડૉ.વિનોદભાઈ ચૌધરી એ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી અને પ્રથમ, દ્વિતીય, અને તૃતીય ક્રમ આપી વિજેતા જાહેર કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર કોલેજ પરિવારે સહયોગ આપ્યો હતો અને કાર્યક્રમ ખુબજ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

## બનાસકાંઠામાં ફૂડ વિભાગની લાલ આંખ

## ઘી અને તેલના નમૂનાઓ લેબ ટેસ્ટમાં નિષ્ફળ જતાં કાયદેસરની કાર્યવાહી શરૂ કરાઇ




(ગરવી તાકાત) પાલનપુર તા.૧૧

બનાસકાંઠા જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી તપાસમાં ચિંતાજનક પરિણામો સામે આવ્યા છે. ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અંતર્ગત કરાયેલી તપાસમાં વિવિધ પેઢીઓમાંથી લેવાયેલા ઘી, ખાદ્ય મસાલા અને તેલના નમૂનાઓ માનક ધોરણો પર ખરા ન ઉતર્યા હોવાનું જાહેર થયું છે.

વિભાગે જિલ્લાની અનેક પેઢીઓમાંથી ભેંસ અને ગાયના ઘી, મરચું પાવડર અને રાયડાના તેલ સહિતના ખાદ્ય પદાર્થોના નમૂનાઓ એકત્રિત કર્યા હતા. આ નમૂનાઓની ફુડ લેબોરેટરીમાં કરાયેલી ચકાસણીમાં તેઓ સબસ્ટાન્ડર્ડ અને અસુરક્ષિત જાહેર થયા છે. શંકાસ્પદ જણાતા જથ્થાને તપાસ દરમિયાન જપ્ત પણ કરવામાં આવ્યો હતો.

આ ગંભીર બાબતને ધ્યાનમાં લેતા, વિભાગે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ જવાબદાર પેઢીઓ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ કાર્યવાહી લોકોના સ્વાસ્થ્યની સુરક્ષા અને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સુનિશ્ચિત કરવાના હેતુથી કરવામાં આવી રહી છે.

Volume : 10 Issue : 282 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002